ઉત્તરાયણ નજીક આવી રહી છે. લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોરોનાના કારણે છેલ્લા ઘણા સમયથી મોટા ઉત્સવોની ઉજવણી થઈ ન હોવાથી આ વખતે ઉત્તરાયણ માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રવિવારે બજારોમાં દોરી રંગવા અને પતંગ ખરીદવા માટે ભીડ જોવા મળી હતી.

રાજ્યમાં કોરોનાના નવા ૯૬૮ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૧ દર્દી સાજા થયા, ૧નું મોત : રાજ્યમાં કોરોનાના ૧,૦૧,૪૭૧ રસીના ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધીર હ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૯૬૮ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૪૧ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૮૯૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ વધીને ૯૮.૨૨ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના ૧,૦૧,૪૭૧ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૪૭૫૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૪૭૪૭ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૮૯૬ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૧૨૦ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે વલસાડમાં એક નાગરિકનું મોત થઈ ચુક્યું છે. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશન ૩૯૬, સુરત કોર્પોરેશન ૨૦૯, વડોદરા કોર્પોરેશન ૬૪, રાજકોટ કોર્પોરેશન ૪૦, ખેડા ૩૬, આણંદ ૨૯, વલસાડ ૨૭, નવસારી ૨૧, રાજકોટ ૨૦, કચ્છ ૧૭, ગાંધીનગર કોર્પોરેશન ૧૪, સુરત ૧૪, ભરૂચ ૯, ભાવનગર કોર્પોરેશન ૯, અમદાવાદ ૮, ગાંધીનગર ૬, ગીર સોમનાથ ૫, વડોદરા ૫, અમરેલી, જુનાગઢ, જુનાગઢ કોર્પોરેશન ૪-૪, મહીસાગર ૪, દેવભુમી દ્વારકા, મહેસાણા, મોરબી, તાપીમાં ૩-૩, બનાસકાંઠા, જામનગર, જામનગર કોર્પોરેશન, પંચમહાલ, સાબરકાંઠા ૨-૨ અને ભાવનગરમાં ૧ કેસ નોંધાયો છે. આ પ્રકારે કુલ ૯૬૮ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં ફરી કમોસમી વરસાદની આગાહી કરાઈ

હવામાન વિભાગે પાંચમીએ વરસાદની આગાહી કરી : બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગરમાં સામાન્ય વરસાદ, અન્ય વિસ્તારોનું વાતાવરણ સૂકું રહેશે

ગાંધીનગર, તા.૨

ગુજરાતના વાતાવરણમાં વારંવાર પલટો આવી રહ્યો છે જેની સીધી અસર કૃષિ પાક ઉપર જોવા મળી રહી છે. જેના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૫ જાન્યુઆરીના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર વિસ્તારમાં સામાન્ય વરસાદ થશે અને અન્ય વિસ્તારોનું વાતાવરણ સૂકું રહેશે. બીજી તરફ હવામાન નિષ્ણાંત આંબાલાલ પટેલનું અનુમાન છે કે ૪ થી ૧૧ જાન્યુઆરીમાં ઉત્તર ભારતમાં હિમવર્ષા અને કમોસમી વરસાદના કારણે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ભાગો સુધી હવામાનમાં પલટો આવશે અને માવઠું થવાની શક્યતા રહેશે. જેમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાતના ભાગો અને કચ્છ-સૌરાષ્ટ્રના ભાગોમાં માવઠું થવાની શક્યતા રહેશે.

જ્યારે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરમાંથી હવામાં ભેજ અવવાના કારણે દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ હવામાનમાં પલટો આવશે અને થોડા અંશે કમોસમી વરસાદ થશે. ૮ થી૧૦ જાન્યુઆરીમાં ઉત્તરીય પર્વતીય વિસ્તારમાં ભારે હિમવર્ષા થવાની શક્યતા છે. ૧૬ અને ૧૮ જાન્યુઆરીએ પણ હવામાનમાં પલટો આવશે. વાદળછાયું વાતાવરણ અને ઠંડીનો ચમકારો રહેશે. ૧૯ થી ૨૧ જાન્યુઆરીમાં ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં ફરી હિમ વર્ષા થશે અને વાતાવરણમાં પલટો આવશે. જેની અસર ગુજરાતમાં જોવા મળશે. વારંવાર વાતાવરણમાં પલટો આવી રહ્યો છે અને કમોસમી વરસાદ થઈ રહ્યો છે તેના કારણે કૃષિ પાક ને નુકસાન થઈ રહ્યું છે. આવા સંજોગોમાં ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી છે. જો આ કમોસમી વરસાદ થશે તો જીરા, મસાલા, શાકભાજી ,કપાસ સહિતના પાકો પર વિપરીત અસર થશે.

અમદાવાદ શહેરમાં પણ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. બેવડી ઋતુથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બેવડી ઋતુની અસર લોકોના સ્વાસ્થ પર જોવા મળી રહી છે. કમોસમી વરસાદની અગાહીના પગલે ખેડૂતોને પણ અપીલ છે કે પોતાના તૈયાર પાક સુરક્ષિત જગ્યા પર રાખી દે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા ૨૭-૨૮ ડિસેમ્બરે રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાનો માર પડ્યો હતો. મોરબી, કચ્છ, બનાસકાંઠા, અરવલ્લીમાં ભર શિયાળે કમોસમી વરસાદ થયો હતો. હળવદના રણકાંઠા વિસ્તાર ટીકર, અજીતગઢ, નવા ઘાંટીલા, મીયાણીમાં પણ વરસાદ વરસ્યો હતો. છે. કમોસમી વરસાદ વચ્ચે કચ્છમાં કરા પડ્યાં હતા.

ગાંધીનગરમાં એલ.આર.ડી. ઉમેદવારોની યોજાનારી શારીરિક કસોટી મોકૂફ

હસમુખ પટેલે ટ્વિટ કરીને આ માહિતી આપી છે : વાયબ્રન્ટ સમિટને કારણે ગાંધીનગર મેદાન પર ૧૦, ૧૧, ૧૨ જાન્યુઆરી યોજાનારી શારીરિક કસોટી મોકૂફ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના મેદાન પર આગામી ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનારી ન્ઈ્ઠ ઉમેદવારોની શારીરિક કસોટીને વાયબ્રન્ટ સમિટના કારણે મોકૂફ રાખવામાં આવી છે. આ ઉમેદવારોની શારીરિક કસોટી હવે ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી વચ્ચે આ મેદાન પર યોજાશે. હસમુખ પટેલે ટ્વિટ કરીને આ માહિતી આપી છે.

લોકરક્ષક ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે ટ્વિટ કરીને જણાવ્યું કે, 'વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમને ધ્યાનમાં રાખી તા. ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ગાંધીનગર મેદાન ખાતેની શારીરિક કસોટી મોકૂફ રાખવામાં આવેલી છે. આ તારીખોની શારીરીક કસોટી અનુક્રમે તારીખ ૩૧ જાન્યુઆરી, ૧ તથા ૨ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવશે. જ્યારે અન્ય ૧૪ મેદાન ઉપરની શારીરિક કસોટી યથાવત રહેશે.'

હસમુખ પટેલે વધુમાં જણાવ્યું કે, તારીખ બદલવામાં આવેલ છે તે ઉમેદવારોએ એમના મુળ કોલ લેટર સાથે જ મેદાન પર પહોંચવાનું છે, નવો કોલ લેટર આપવામાં આવશે નહીં. તેમજ શારીરિક કસોટીની તારીખ બદલવા માટે ૦૧/૦૧/૨૦૨૨ સુધીમાં મળેલી તમામ અરજીઓની માહિતી lrdgujarat2021.in પર અપડેટ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરેન્દ્રનગર, અમરેલી, ગોંડલ, સોરઠ, રાજકોટ, પોલીસ હેડક્વાર્ટર બનાસકાંઠા, પાટણ હેમચંદ્રાચાર્ય ગ્રાઉન્ડ, ગાંધીનગર જૂથ ૧૨ ગ્રાઉન્ડ, વાવ જૂથ ૧૧ ગ્રાઉન્ડ, મહેસાણા પોલીસ હેડક્વાર્ટર અને સાબરકાંઠા પોલીસ હેડક્વાર્ટર, નડિયાદ જૂથ ૭, ખેડા- નડિયાદ પોલીસ હેડક્વાર્ટર, જૂથ ૫ ગોધરા અને દક્ષિણ ગુજરાતના ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ગ્રાઉન્ડમાં શારીરિક પરીક્ષા લેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૩ ડિસેમ્બરથી પોલીસ ભરતીની શારીરિક કસોટી શરૂ થઈ હતી.

ભાગવતાચાર્ય જીગ્નેશ દાદાની ભાગવત કથામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે છેવાડાના માનવીનો ઉત્કર્ષ કરવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. રાજ્ય સરકારનો આ ધર્મ છે અને આવા શુભ કાર્યો માટે કથાકારો, સંતો-મહંતોના આશીર્વાદ પણ આવશ્યક છે. અમદાવાદ ખાતે વ્યાસપીઠે વિરાજિત પ્રસિદ્ધ ભાગવતાચાર્ય જીગ્નેશદાદાની ભાગવત કથામાં ઉપસ્થિત રહી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જીગ્નેશદાદાની ભાગવત કથામાં ભાવિકો-મુમુક્ષુઓને આગવો સમાસ થાય છે, પ્રભુની કથામાં જેમ જેમ બેસીએ તેમ ગેરસમજની ગ્રંથિઓ તૂટતી જાય છે અને સમજણ વધતી જાય છે.

વાયબ્રન્ટ આવે છે છતાં ગુજરાતમાં શીપ ફાયનાન્સિંગ અને લિઝીંગ પ્રોજેક્ટ હજી અધ્ધરતાલ

ગિફ્ટ સિટી સ્થિત ઓથોરિટીએ રચેલી સમિતિના અધ્યક્ષ વંદના અગ્રવાલે રિપોર્ટ આપી દીધો છે પરંતુ તેનો અમલ હજી સુધી થઇ શક્યો નથી

ગાંધીનગર, તા. ૨

ધ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર્સ ઓથોરિટી (આઈએફએસસીએ) એ શીપ ફાયનાન્સિંગ અને લિઝીંગની શક્યતાઓ શોધવા નિષ્ણાંતોની સમિતિની રચના કરી હતી પરંતુ આ સમિતિના રિપોર્ટ પર સરકારે હજી સુધી કોઈ પગલાં ભર્યા નથી. આ ઓથોરિટી ગાંધીનગર સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક (ગિફ્ટ) સિટીના નિયમનકાર છે.

૧૧ સભ્યોની આ સમિતિની અધ્યક્ષતા ભારત સરકારના પૂર્વ સિનિયર આર્થિક સલાહકાર વંદના અગ્રવાલ કરે છે. આ સમિતિએ ઉત્તમ વૈશ્વિક વ્યવહારો સાથે હાલના કાનૂની, નિયમનકારી, કર અને અન્ય લાગુ માળખાઓની તપાસ કરી છે અને ત્રણ મહિનાના સમયમાં તેની ભલામણો ઓથોરિટીને સુપરત કરી દીધી છે પરંતુ સરકારને હજી રિપોર્ટ પર પગલાં લેવાનો સમય મળ્યો નથી.

આ ઓથોરિટી એ ગિફ્ટ સિટીનું નિયમનકારી માળખું અને સુવિધાજન્ય વાતાવરણ પુરૂં પાડવાનું લક્ષ્ય ધરાવે છે. ગિફ્ટ સિટી એ શીપ ફાયનાન્સ અને લિઝીંગ પ્રવૃત્તિઓ માટેનું આંતરરાષ્ટ્રીય હબ બની શકે તે માટેનું આ પગલું છે, જેનાથી શીપ માલિકો, સ્ટેકહોલ્ડર્સ, કેરિયર્સ, શીપ સંચાલકો, શિપ મેનેજમેન્ટ કંપનીઓ અને દરિયાઈ ઈકોસિસ્ટમ સહિતના હિસ્સેદારોને ફાયદો થશે.

આ સમિતિમાં બંદરો અને શિંપીંગ મંત્રાલય, શિપીંગ મહાનિર્દેશક, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગિફ્ટ સેઝ, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી અને ધ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર્સ ઓથોરિટીના અન્ય અધિકારીઓ પ્રતિનિધિએ પણ તેમના પ્રતિભાવ આપ્યાં છે.

ગિફ્ટ સિટી હવે સિંગાપુર અને દુબઈની જેમ મેરીટાઈમ કલસ્ટર બની રહ્યું છે ત્યારે સમિતિનો આ રિપોર્ટ મહત્વનો બની જાય છે, કારણ કે રાજ્યમાં મરીન કાર્ગો, શિપિંગ, શીપ બ્રેકીંગ, બંકર સપ્લાયર્સ જેવા વ્યવસાય શરૂ થઈ શકે તેમ છે. વાયબ્રન્ટ સમિટ પહેલાં જો આ રિપોર્ટ અંગે કાર્યવાહી કરવામાં આવી હોત તો શીપ ફાયનાન્સ અને લિઝીંગમાં હજારો કરોડ રૂપિયાનું મૂડીરોકાણ આવી શક્યું હોત.

અંત છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોરોના વાયરસની સામે લડવામાં મદદ કરે છે. હોંગકોંગ યુનિવર્સિટીમાં થયેલા અભ્યાસ પરથી માહિતી મળે છે કે, આ વેરિયન્ટથી દર્દીઓની સ્થિતિ ગંભીર થઈ જાય કેવી શક્યતા ખુબ જ ઓછી છે.

કેપટાઉનમાં થયેલા એક અભ્યાસમાં સામે આવ્યું કે, ઓમિકોન વેરિયન્ટમાં જોવા મળતા લક્ષણો માત્ર ૩ દિવસમાં જ ખતમ થઈ જાય છે. જેથી દર્દીઓ ગણત્રીના કલાકોમાં જ સાજા સારા થઈ જાય છે.

કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયનું કહેવું છે કે, જે લોકોએ વેક્સિનનાં બંન્ને ડોઝ લીધા છે તેમણે કો ઓમિક્રોનની ગભરાવાની જરૂર જ નથી. દક્ષિણ આફ્રિકામાં થયેલા અભ્યાસ પરથી સામે આવ્યું કે, ઓમિક્રોન લોકોની હર્ટ ઈમ્યુનિટી વધારવાનું કામ કરે છે.

દૂષિત પાણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુશ્કેલ બને છે. ત્યારે સેકટરોમાં હજુ મોટાડાયામીટરની લાઈન નાંખી ગટર લાઈનને અપગ્રેડ કરવાની કામગીરી પુર્ણ નહીં થાય ત્યાં સુધી સેકટરોમાં દુષિત પાણી ઉભરાવાની સમસ્યા સંપુર્ણ હલ થાય તેમ લાગતુ નથી હાલના તબક્કે પણ સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો નિવારવા માટે જેટીંગ મશીન, રોબોર્ટ મશીન સહીત સુપર સકર મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંતુ જુની હોવાના લીધે સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવતો નથી. સે-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં પણ બ્લોક નં ૫૧૯ સહીત આસપાસના વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા ઉદભવી છે. ગટરનુ દુષિત પાણી લાંબા સમયથી બેક મારે છે. જેના લીધે આ વિસ્તારમાં અસહ્ય ગંદકી અને દુર્ગંધથી સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ મામલે ત્વરિત પગલા લેવાય તેવી રજુઆત પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

ફુલ નિખરશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સફાઈ પણ હાથ ધરવામાં આવી છે. જેમાં વરસાદી દિવસોમાં ધરાશાયી થયેલા વૃક્ષોને પણ દુર કરાયા છે. વન આરક્ષિત વિસ્તારની સફાઈ સાથે મુખ્યમાર્ગોને વાઈબ્રન્ટ લુક આપવા આસપાસ રંગબેરંગી રોશની કરવામાં આવશે. વન આરક્ષિત વિસ્તારમાં વૃક્ષોને ગેરુ કલર કરવામાં આવી રહ્યો છે. જયારે નગરના મુખ્યમાર્ગોની કીનારે પણ લાઈટીંગ કરવામાં આવશે. વૃક્ષોમાં પણ અવનવી લાઈટો મુકીને રાત્રિના સમયે નઝારો વધુ નયનરમ્ય બને તે મુજબ સુશોભિત કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વન આરક્ષિત વિસ્તારમાં કેટલાક ઠેકાણે નવા રોપાઓની પણ વાવણી કરવામાં આવી છે. રંગબેરંગી ફુલો નિખરે તે મુજબના રોપાઓની વાવણી પણ કરવામા આવી છે. આ ઉપરાંત હાલ ચ માર્ગ પર ફુટપાથની આસપાસ પણ આકર્ષક રોપોઓની કતાર જોવા મળે છે. વાઈબ્રન્ટ દરમિયાન માર્ગોનો નઝારો વધુ નયનરમ્ય બને તે માટે કેટલાક ઠેકાણે આકર્ષક રોપાઓ સાથે કુંડા પણ મુકવામાં આવશે. વનતંત્રની નર્સરીમાંથી વિવિધ પ્રકારના રોપાઓ માર્ગની સુંદરતા વધારવા માટે મુકવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યુ છે. હાલ વાઈબ્રન્ટને અનુલક્ષી આખરી તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે.

૧૪ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અન્ય એક દર્દી જે ૧૮મીએ દહેરાદુન ગયો હતો અને ત્યાં ૧૦ દિવસ રોકાઈ પરત ફર્યો હોવાનું જાણવા મળેલ છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭માં એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે જાણી શકાયુ નથી. જો કે આ મહિલા કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતી ન હોવાનું જાણવા મળેલ છે.

સે. ૪ માં એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા પણ કેવી રીતે સંક્રમિત થઈ તે જાણી શકાયુ નથી.

પી.ડી.પી.યુ.માં અભ્યાસ કરતા અને હાલ ઈન્ટરશીપ કરી રહેલા ત્રણ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. જેમાં બે વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ ત્રણેય અમદાવાદના વટવા વિસ્તારમાં ઈન્ટરશીપ માટે જતા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨ માંથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી કેવી રીતે સંક્રમિત થયો તે જાણી શકાયુ નથી.

શહેરમાં નોંધાયેલા કેસોમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે કડક તાકીદ કરી છે.

શહેરમાં વિદ્યાર્થીઓ અને મહિલા દર્દીઓની વધતી સંખ્યાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં પરિસ્થિતિને ઝડપથી નિયંત્રણમાં લેવા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ જાહેર કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૮૦૦ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.



૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો માટે કોવિડ વેક્સિનેશનનો આજથી રાજ્યવ્યાપી પ્રારંભ

આપના બાળકને વેક્સિન અચૂક અપાવો અને તેમને કોરોના સંક્રમણ સામે સુરક્ષિત રાખો

વેક્સિનેશન અંગેની મહત્ત્વની જાણકારી :

- વર્ષ ૨૦૦૭ અને તેનાથી પહેલાં જન્મેલાં તમામ બાળકો કોવિડ-૧૯ વેક્સિનેશન માટે પાત્રતા ધરાવે છે
- આ વય જૂથના લાભાર્થીઓ માટે COWIN પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરી શકાશે તેમજ લાભાર્થી COWIN પોર્ટલ પર પોતાના ઉપલબ્ધ એકાઉન્ટ અથવા અલાયદા યુનિક મોબાઈલ નંબરથી ઓનલાઈન નવું એકાઉન્ટ બનાવી જાતે નોંધણી કરાવી શકશે
- વેરિફાયર/વેક્સિનેટર દ્વારા લાભાર્થીઓના કોવિડ વેક્સિનેશનની સ્થળ પર (Onsite) નોંધણી કરવામાં આવશે
- ૧૫ થી ૧૮ની વય જૂથનાં બાળકોને આ વેક્સિનેશન અંતર્ગત "કોવેક્સિન" જ આપવામાં આવશે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય